
### યુ-ટ્યૂબ પર કબડ્ડીના પાઠ ભણ્યા

# માલપુર-કોયલિયા ગામના યુવકોની નેશનલ લીગમાં પસંદગી, મેદાનના અભાવે ખેતરમાં મેદાન બનાવ્યું

મોડાસા, તા. ૭

સોશ્યલ મીડિયાના ફાયદા-ગેરફાયદા અનેક છે. આધુનિક ટેક્નોલોજી થકી અનેક





અંતરિયાળ વિસ્તારના લોકોને તેમનામાં રહેલું કૌતક બતાવવાની તક મળતી હોય છે. ભારતની રાષ્ટ્રીય રમત કબડ્ડી છે. થોડા વર્ષોથી પ્રોફેશનલ કબડ્ડીને પગલે રમત પ્રત્યે યુવાનોની રુચિમાં વધારો થયો છે, ત્યારે અરવલ્લી જીલ્લાના માલપુર ગામના પાર્થ વાઘેલા અને કોયલિયા ગામના રાહુલ ખાંટ નામના યુવકોની નેશનલ લેવલે પસંદગી થઈ છે. સમગ્ર વિસ્તારમાં ખુશીનો માહોલ છવાયો છે. પાર્થ વાઘેલા અને રાહુલ ખાંટ યુ ટ્યુબ અને ટીવી પર કબડ્ડીના દાવપેચ શીખી પસંદગી પામ્યા છે.

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારના યુવાનો રમત પ્રત્યે રસ દાખવી રહ્યા હોવાની સાથે મનપસંદ રમતમાં કારકિર્દી બનાવી દેશના ફલક પર નામ ચમકાવ્યુ છે. માલપુર ગામનો પાર્થ વાઘેલા નામના યુવકે કબડ્ડીમાં છેલ્લા કેટલાક વર્ષોથી કબડ્ડીની રમતથી આકર્ષાઈ કબડ્ડીની રમત માટે તનતોડ મહેનત શરુ કરી હતી. યૂ ટ્યૂબ પર કબડ્ડીની રમત નિહાળી પ્રેક્ટિસ કરવાની શરૂઆત કરી, દરરોજ ૬ કલાકની અથાગ મહેનત પછી તાલુકા જિલ્લા અને રાજ્યકક્ષાએ સ્થાન મેળવ્યા બાદ ૬૫ કેજીમાં નેશનલ કક્ષાએ પસંદગી થતા દેશ અને વિશ્વમાં અરવલ્લીનું નામ રોશન કરવા માટે વધુ મહેનતમાં લાગી ગયો છે. પાર્થ વાઘેલાની નિમણુંક થતા તેનો ઉત્સાહ વધારવા લોકો સન્માનીત કરી રહ્યા છે.

## ધનસુરા તાલુકાના શીકા ગામે કોરોનાનો એક કેસ નોંધાયો

ધનસુરા, તા. ૭

ધનસુરા તાલુકામાં કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે વધુ એક કેસ ધનસુરા તાલુકાના શીકા ગામે નોંધાયો હતો. શીકા ગામમાં ૬૫ વર્ષના વ્યક્તિને કોરોના પોઝિટીવ આવ્યો હતો. કોરોનાને લઈને આરોગ્યતંત્ર સતર્ક બન્યું છે અને સર્વે અને દર્દીને દાખલ કરવા, સેનેટાઈઝિંગ કરવું જેવી કામગિરી શરુ કરી છે. ધનસુરા બાદ હવે આજુબાજુના ગામડાઓમાં કોરોનાના કેસ વધી રહ્યા છે, આ પહેલાં કંજોડિયા, આકરૂન્દ(ખરાબા)માં એક એક અને નાણાં ગામમાં ૫ કેસ નોંધાયા હતા. કોવિડ-૧૯ ને ફેલાતો અટકાવવા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯ નો કન્ટેનમેન્ટ એરિયા (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. જો કોઈ આ નિયમનું ઉલ્લંઘન કરશે તો શિક્ષાને પાત્ર થશે.

# ભિલોડામાં ટેકાના ભાવે મગફળી કેન્દ્ર પર મજૂરોના અભાવે ખરીદીની ધીમી પ્રક્રિયાથી ખેડૂતો ત્રાહિમામ

### ભૂખ્યા તરસ્યા કેન્દ્ર પર પડી રહેવા મજબુર

અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર નોંધણી પ્રક્રિયાથી મગફળી લઈ પહોંચતા ખેડૂતો અનેક પ્રકારની અડચણો અને ખરીદ કેન્દ્રો પર પ્રાથમિક સુવિધાના અભાવે ભારે યાતનામાંથી પસાર થવું પડતું હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. ત્યારે ભિલોડા મગફળી કેન્દ્ર પર પુરતા મજૂરો ન હોવાથી મગફળીની ધીમી ખરીદી થતા ખેડૂતોની હાલત કફોડી બની છે, ભિલોડા ખરીદ કેન્દ્રના ગોડાઉન મેનેજરે પણ મજુર પુરા પાડતી એજન્સી અને સરકારી તંત્રને લેખીત રજુઆત કરી મજૂરો પુરા પાડવામાં આવેની માંગ કરી છે. મજૂરોના અભાવે ટેકાના ભાવે મગફળી વેચાણ કરવા આવતા ખેડૂતો માટે દિવાળીના ટાણે હૈયા હોળી જેવો ઘાટ સર્જાયો છે.

ભિલોડામાં તાલુકાના ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચાણ માટે રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ મગફળી વેચાણ માટે પહોંચતા ખરીદ કેન્દ્ર પર મજૂરો પૂરતા પ્રમાણમાં ન હોવાથી અને મગફળી વેચાણ માટે વિવિધ વાહનો સાથે પહોંચતા ખેડૂતો ભૂખ્યા તરસ્યા બેસી રહેવાનો વારો આવવાની સાથે વાહનોના ભાડા પણ ડબલ ચૂકવવા પડી રહ્યા હોવાથી લાચારી અનુભવી રહ્યા છે મજુર ઓછા અને બીન અનુભવી હોવાથી મગફળીની ખરીદી ધીમી થતા ખેડૂતોના રોષનો ભોગ પણ બનતા આ




અનુભવના અભાવે મગફળીની ખરીદી મંથરગતિએ ચાલતા ખેડૂતોનો ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખરીદકેન્દ્ર પર હોવાની બૂમો ઉઠી છે.

ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ખરીદ કરતા અધિકારીઓ અને કર્મચારીઓ પણ અપૂરતા મજુર અંગે ખરીદકેન્દ્રના ગોડાઉન મેનેજરે એજન્સી અને તંત્રને લેખિત રજુઆત કરી વધુ મજુર પુરા પાડવા જણાવ્યું છે.

# ઊંઝામાં ઠંડીના આગમન સાથે તસ્કરોનો તરખાટ

ઊંઝા, તા. ૭

ઠંડીની ઋતુ શિયાળાના આગમન સમયે ઉંઝા નજીકના ઉનાવા ગામે તસ્કરોએ ચોરીઓ કરવા માટે મકાનોને નિશાન બનાવતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

તાજેતરમાં ઉનાવા ખાતે રામનગરમાં રાત્રીના સમયે તસ્કરો ચોરી કરવાના ઈરાદે આવતાં સોસાયટીના રહીશોએ પોલીસ પેટ્રોલિંગ કરવા અંગે રજૂઆત કરી હતી. બાદ ઉનાવા ગામે ગુરૂપરામાં રહેતા પટેલ મણીલાલ ગીરધરભાઈના બંધ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશીને કોઈ તસ્કરોએ તિજોરીમાં પડેલ અંદાજે છ થી સાત તોલા વજનના સોના-ચાંદીના દાગીનાઓ તેમજ કપાસ વેચાણની ૧૫ થી ૨૦ હજાર જેટલી રોકડ રકમની ઉઠાંતરી કરી હોવાનો બનાવ બનેલ છે. આ જ રાત્રીએ તસ્કરો નજીકના રહેણાંક મકાનમાં ગયા હતા પરંતુ બારી તુટવાના અવાજથી અંદર સુતેલા માણસો જાગી જતાં તસ્કરો અંધારામાં ક્યાંક નાસી છુટ્યા હતા.

યાત્રાસ્થળ ઉનાવામાં પોલીસ સ્ટેશન હોવા છતાં રાત્રીના સમયે યોગ્ય નાઈટ પેટ્રોલિંગ થતુ નથી તેમજ નગરમાં દારૂ, જુગાર જેવી સમાજ વિરોધી બદીઓએ ભારે ઉપાડો લેતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન કથળી જવા પામી હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

# વડગામ તાલુકાના ગરીબ લાભાર્થીઓને લેન્ડ કમિટીમાં મફત પ્લોટ ફાળવાયા

### તાલુકાના ૨૫ ગામોમાંથી ૧૩૫ આરજીઓ આવી હતી જેમાંથી ૬૭ લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરાઈ

વડગામ, તા. ૭

વડગામ તાલુકા પંચાયત ખાતે પ્રાન્ત અધિકારીના અધ્યક્ષસ્થાને લેન્ડ કમિટીની બેઠક મળી હતી. જેમાં તાલુકાના ૨૫



ગામડાઓમાંથી ૧૩૫ અરજદારોએ મફત પ્લોટ માટેની અરજીઓ કરી હતી. જેમાંથી ૬૭ બીપીએલ ગરીબ લાભાર્થીઓની અરજી મંજૂર કરવામાં આવી હતી.

વડગામ તાલુકા પંચાયત કચેરી ખાતે શનિવારે પ્રાંત અધિકારી એચ.બી. ગિલવાના અધ્યક્ષસ્થાને લેન્ડ કમિટી યોજાઈ હતી. જેમાં સરકારની યોજના હેઠળ ગરીબ બી.પી.એલ. લાભાર્થીઓને લેન્ડ કમિટીમાં પ્લોટ આપવામાં આવ્યા હતા. તાલુકા પંચાયતમાં મળેલી લેન્ડ કમિટીની બેઠકમાં તાલુકા પંચાયતના પ્રમુખ પરથીભાઈ ગોળ, ટીડીઓ ધર્મેશભાઈ વ્યાસ, કારોબારી અધ્યક્ષ નથ્થુજી ઠાકોર, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન, સર્કલ મફાજી રાજપૂત સહીત હાજર રહ્યા હતા. વડગામ ટીડીઓ ધર્મેશભાઈ વ્યાસે જણાવ્યું હતું કે બાકીના અરજદારોની અધુરી અરજીઓની પૂર્તતા કરીને તમામ અરજદારોને મફત પ્લોટ મળે તેવા મારા તરફથી પ્રયાસ કરાશે.

# ખાણ ખનિજ વિભાગનો સપાટો ૨૦ લાખનો દંડ ફટકારાયો

### ચાર મહીનામાં સરકારને કરોડોની આવક થયાનું અનુમાન

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લા ખાણખનિજ વિભાગ ધ્વારા છેલ્લા ચાર મહિનાથી ખનીજ માફીયાઓ પર ઘોસ બોલાવાઈ રહી છે ત્યારે નવેમ્બર મહીનાની શરૂઆતના પ્રથમ અઠવાડીયાના બે દિવસમાં વિભાગ ધ્વારા દરોડા પાડીને ખનિજ ચોરી કરતા તત્વોને વાહનો સાથે ઝડપી લઈને રૂ?.૨૦ લાખનો દંડ ફટકારવામાં આવતા ખનિજ માફીયાઓની હાલત ખુબજ કફોડી બની ગઈ છે.

આ અંગે સાબરકાંઠા ખાણખનિજ વિભાગના ભુસ્તરશાસ્ત્રી સુભાષભાઈ જોષીના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર સહિતના અન્ય વિસ્તારોમાંથી કેટલાક ખનિજ માફીયાઓ સરકારની આવક ઘટે અને તેઓ ચોરીછુપીથી ખનિજ વહન કરી રહ્યા હોવાની માહિતી મળ્યા બાદ વિભાગે જરૂર પડે દિવસે અને રાતે દરોડાની કાર્યવાહી હાથધરી હતી.

જેના ભાગ રૂપે બુધવારે અને ગુરૂવારે ખાણખનિજ વિભાગે જિલ્લાના વિવિધ સ્થળે જઈને વાહન ચેકીંગ શરૂ કર્યુ હતું જેમાં કેટલાક વાહન ચાલકો પાસે પાસપરમીટ ન હતી અને કેટલાક ઓવરલોડ ખનિજ ભરીને જતા હોવાનું જણાયુ હતું જેથી તંત્ર ધ્વારા તેઓને પકડી બે દિવસમાં અંદાજે ૨?.૨૦ લાખનો દંડ ફ ધં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે નિજ વિભાગે ચાર મહિનામાં લગભગ ૧૬૪ કેસ કરીને સરકારને કરોડો રૂપીયાની આવક કરી આપી છે. જિલ્લામાં ખનિજ માફીયાઓ સામે વિભાગ ધ્વારા થઈ રહેલી કડક કાર્યવાહીથી કંટાળીને કેટલાક ખનિજ માફીયાઓ પોતાના વાહનો વેચવાનું પણ વિચારી રહ્યા છે. તેમ છતા દિવાળી અને આગામી દિવસોમાં તંત્ર ધ્વારા ખનિજ માફીયાઓ સામેની કાર્યવાહી વધુ કડકાઈથી ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હોવાનું આધારભુત સૂત્રોમાંથી જણાવાયુ છે.



**ડીસામાં દિવાળીને અનુલક્ષી ફૂડ અને ડ્રગ્સ વિભાગની તપાસ**

બનાસકાંઠા જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ડીસા હાઈવે પર આવેલા કેસર કોલ્ડ સ્ટોરેજમાં ઓચિંતી તપાસ કરવામાં આવી હતી. આ કોલ્ડ સ્ટોરેજમાં સમગ્ર જિલ્લાના અલગ અલગ વેપારીઓ દ્વારા મીઠાઈમાં ઉપયોગમાં લેવામાં આવતો માવાનો જથ્થો રાખવામાં આવે છે જોકે શુક્રવારે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં સાતેક વેપારી દ્વારા સ્ટોર કરવામાં આવેલ અલગ અલગ બ્રાન્ડના માવાના સેમ્પલ લેવામાં આવ્યા હતાં તેમજ તેને ચકાસણી અર્થે મોકલવાની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તેમજ રીપોર્ટ આવ્યા બાદ વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ ફૂડ વિભાગના અધિકારીએ જણાવ્યું હતુ.

## બનાસ મેડિકલ કોલેજ ખાતે એડમિશન હેલ્પ લાઈનનો પ્રારંભ

પાલનપુર, તા. ૭

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદિક અને હોમીઓપેથીક વિદ્યાશાખાઓમાં પ્રવેશ મેળવવા માટે તારીખ ૨ નવેમ્બર-૨૦૨૦ થી બનાસ મેડીકલ કોલેજ, મોરિયા, પાલનપુર ખાતે હેલ્પ સેન્ટર શરુ કરવામાં આવ્યું છે, જે પ્રથમ તબક્કામાં ૧૦ નવેમ્બર ૨૦૨૦ સુધી કાર્યરત રહેશે.

ઉપર્યુક્ત હેલ્પ સેન્ટર ખાતે અત્યાર સુધી ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવેલ વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે;

૨ નવેમ્બર – ૩૭
૩ નવેમ્બર – ૧૪૦
૪ નવેમ્બર – ૧૩૯
૫ નવેમ્બર – ૧૩૯
૬ નવેમ્બર – ૧૫૭
૭ નવેમ્બર – ૧૬૬

અત્રે ઉલ્લખનીય છે કે એડમીશન પ્રક્રિયા અંતર્ગત ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે પ્રતિદિન ૧૪૫ વિદ્યાર્થીની ફાળવણી કરવામાં આવેલ હતી. પરંતુ ૫ નવેમ્બર સુધીમાં જ ઓનલાઈન બુકીંગ ભરાઈ જતા, બનાસકાંઠા જિલ્લાના વિદ્યાર્થીઓને અગવડતા ન પડે તથા ઘરઆંગણે જ તેઓનું ડોક્યુમન્ટ વેરીફીકેશન થઇ જાય તે હેતુથી હેલ્પ સેન્ટર, બનાસ મેડિકલ કોલેજ દ્વારા ગુજરાત સરકાર દ્વારા નીમેલ એડમીશન કમિટીને રજૂઆત કરવામાં આવી અને પ્રતિદિન ૧૭૦ વિદ્યાર્થીઓને સમાવવા ભલામણ કરવામાં આવી. એડમીશન કમિટી દ્વારા પણ કોરોનાના કપરા કાળમાં હેલ્પ સેન્ટર, બનાસ મેડીકલ કોલેજ દ્વારા થતી ઉત્કૃષ્ટ કામગીરીની પ્રશંસા કરવામાં આવી તથા વિદ્યાર્થીઓની સગવડ માટેની રજૂઆતને માન્ય રાખવામાં આવી.

હેલ્પ સેન્ટર બનાસ મેડીકલ કોલેજ ખાતે આવેલ તમામ વિદ્યાર્થી તથા વાલિગણ દ્વારા હેલ્પ સેન્ટરની કામગીરીને બિરદાવામાં આવી અને તેઓના મૂંઝવણભર્યા પ્રશ્નોનો સુચારૂરૂપે સંતોષકારક ઉકેલ મળતા હર્ષની લાગણી અનુભવી.

# ફટાકડાના પ્રદૂષણથી કોરોના સંક્રમણ બેકાબુ બની શકે

### ફટકડાનું પ્રદૂષણ કોરોનાના રિક્વર દર્દીઓ માટે પણ ઘાતક : ડો. જીગ્નેશ હરિયાણી

કોરોનાકાળ વચ્ચે દિવાળીના સપરમાં તહેવારો નજીકમાં છે તેમ છતાં બજારમાં મંદીનો માહોલ અકબંધ છે. બીજી બાજુ દિવાળીમાં ફૂટતા ફટાકડાના કારણે પ્રદૂષણની માત્રા વધી જાય છે તેથી કોરોનાનું સંક્રમણ બેકાબુ બનવાની પૂરેપૂરી શકયતા છે. જેને ગંભીરતાથી લઈ અન્ય રાજ્યોની જેમ ગુજરાત સરકાર પણ આ વખતે ફટાકડા ઉપર પ્રતિબંધ ફરમાવે તે સમયનો તકાજો છે.

કોરોનાના કારણે અર્થતંત્ર સખળ ડખળ થઈ ગયું છે. દિવાળીના લાખેણા તહેવારો નજીકમાં જ છે તેમ છતાં બજારોમાં રોનક વર્તાતી નથી. બીજી બાજુ કોરોનાનો કહેર યથાવત છે. તેમાં પણ વિશ્વ આરોગ્ય સંસ્થાએ શિયાળામાં કોરોનાનું સંક્રમણ વધી જવાની દહેશત વ્યક્ત કરી છે. આમેય ફટાકડાના કારણે હવા અને અવાજનું પ્રદુષણ વધી જાય છે જેનો પ્રચંડ અવાજ અબોલ પશુ-પંખી જીવો માટે ઘાતકી પુરવાર થાય છે. તો બીમાર અને બાળકોનું તો આવી બને છે. ફટકડાથી દાઝવા સહિત આગના પણ અનેક બનાવો બને છે. કોરોના વચ્ચે નવી આફતને ઓળખી ગયેલા ગ્રીન ટ્રીબ્યુનલે તમામ રાજ્ય સરકારોને નોટિસો પાઠવી છે. જેને ધ્યાને લઇ રાજસ્થાન, ઓડીસા, પંજાબ અને દિલ્હી સહિત સાત રાજ્યોની સરકારે લોકહિતમાં અગમચેતી દાખવી આ વખતે ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવી દીધો છે. તેથી ગુજરાત સરકાર પણ જન આરોગ્યને ધ્યાને લઈ ફટાકડા ઉપર પ્રતિબંધ મુકે તેવી ચોમેરથી માંગ પણ ઉઠવા પામી છે.

આ બાબતે ડીસા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. જીગ્નેશ હરિયાણીએ જણાવ્યું હતું કે કોવિડનો ચેપ મોટાભાગના દર્દીઓના ફેફસા ઉપર અસર કરે છે. કોરોનાના દર્દીઓ સ્વસ્થ થયા પછી પણ તેની ફેફસા ઉપર અસર રહે છે જેને મેડીકલ ભાષામાં પ્લમોનરી ફાઈબોસીસ કહે છે. જે રિકવરી માટે લાંબો સમય લે છે. જેમના ઉપર પ્રદુષણ ઘાતક નીવડી શકે છે. જેથી આ વખતે ફટકડાથી અંતર રાખવું શ્રેષ્ઠ છે.



**વડગામ તાલુકા પંચાયત પ્રમુખે તાલુકાના ગામડાઓની સરપ્રાઈઝ મુલાકાત લીધી**

વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા વડગામ પંથકના ગામડાઓમાં આવેલી ગ્રામપંચાયતોની સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી. વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ પરથીભાઈ ગોળ દ્વારા તાલુકાના કોટડી, વેસા, કરનાળા, જલોતરા સહીતના ગામડાઓમાં આવેલી ગ્રામ પંચાયતોની ઓચિંતી સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી. જેમા ગામના સરપંચો તેમજ તલાટી કમ મંત્રીઓને મળીને ગામમાં લોકોની સમસ્યાઓ જાણી હતી. ગ્રામ્ય વિસ્તારમાં તલાટીઓ તેમજ સરપંચોને લોકો ઉપયોગી કાર્યો કરવા ખાસ સુચનો કર્યા હતા.

# આગથળા પોસ્ટ માસ્તર ગ્રાહકોને ઉડાઉ જવાબ આપતા હોવાની રાડ

ભારત સરકારના પોસ્ટ વિભાગની લાપરવાહી અને કર્મચારીઓની બેજવાબદારીથી પોસ્ટ ખાતું સતત બદનામ થઈ રહ્યું છે અને જેનો સીધો લાભ ખાનગી યુનિટોને મળી રહ્યો છે આવી જ બેદરકારી અને ગ્રાહકને ઉદ્ધત જવાબ આપવાના કારણે ગ્રાહકે મજબુર બનીને જિલ્લા સહિત ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે. લાખણી તાલુકાના જસરા ગામના કુંભાર હરગોવનભાઈ કેસરાજીએ ચાર મહિના પહેલાં ઓટો કન્સલ્ટમાંથી અમદાવાદથી જીજે.૦૧એચવાય ૩૮૬૨ નંબર ની અલ્ટો ૮૦૦ ગાડી ખરીદી હતી જે અમદાવાદ પાર્સિંગ હોવાથી તેને બનાસકાંઠા જિલ્લાનું પાર્સિંગ કરાવવા અને ગાડી નામે કરાવવા માટે જ્યાંથી ગાડી ખરીદી ત્યાં આગળ અમારા નામના ડોક્યુમેન્ટ જમા કરાવતા તેમણે અમદાવાદ આરટીઓ કચેરીમાં ડોક્યુમેન્ટ જમા કરાવી બાકીની બધી પ્રોસેસ કરતા તેમના નામની આરસીબુક સ્પીડ પોસ્ટ મારફત રવાના કરેલ જેનો ટ્રેક નંબર EG0030441781 N હતો. જે આર.સી. બુક ઘણા સમય સુધી ન મળતા તેમણે આગથળા પોસ્ટ ઓફિસ ખાતે તપાસ કરી પણ તેમણે ના પાડી એટલે તેઓએ ડીસા પોસ્ટ ઓફિસે તપાસ કરતાં ડીસા પોસ્ટ ઓફિસથી તારીખ ૦૮/૦૯/૨૦૨૦ ના રોજ ડીસા પોસ્ટ ઓફિસથી ડિસ્પેચ થઈ ગયેલ જેની જાણ આગથળા પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્તરને કરી ત્યારે તેમણે ઉડાઉ જવાબ આપીને કહેલ કે આર.સી. બુક આવશે તો જાણ કરીશું પણ ઘણા સમય સુધી કોઈ જાણ ન થતાં ગ્રાહક છ થી સાત વખત પોસ્ટ ઓફિસ ગયા તેમ છતાં વારંવાર ઉડાઉ જવાબ ધમકીભર્યા જવાબ આપીને ગ્રાહકને અપમાનિત કરેલ અને કહ કે ડુપ્લિકેટ આર.સી બુક કઢાવી નાખો અહીં તો હવે કેટલીય આર.સી બુક ગુમ થઈ ગયેલ છે હજુ સુધી કોઈ પત્તો નથી મળ્યો ત્યારે અમે તેમને વિનંતી કરવા છતાં એક સરકારી કર્મચારીને ન શોભે તેવી રીતે વ્યવહાર વર્તન કરી ફરજમાં બેદરકારી કરી માનવાધિકારનો પણ ભંગ કરેલ જે બાબતે તેમણે જિલ્લા પોસ્ટ ઓફિસરને લેખિત રજૂઆત કરેલ છે અને એક સરકારી કર્મચારી તરીકે ગ્રાહકને અપમાનિત કરવા બદલ માનવાધિકારમાં પણ રજૂઆત કરેલ છે જો આ બાબતે અમોને ન્યાય નહીં મળે તો હજુ પણ અમે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરીશું સરકારના પગાર લેતા કર્મચારીઓ જ્યારે પોતાની ફરજમાં બેદરકારી દાખવે છે.

# ખુલ્લી જગ્યામાં તંબુ તાણી રહેતા ચોરને ઝડપવા પોલીસ પાંચ કિલોમીટર દોડી

મોડાસા, તા. ૭

અરવલ્લી પેરોલ ફર્લો ટીમે જીલ્લાની આંતરરાજ્ય સરહદ પર સતત વોચ ગોઠવી ડુંગરો ખોદી નાસતા ફરતા આરોપીઓને દબોચી રહી છે. રાજસ્થાનના ડુંગરપુરના સુરાતા પગારા ગામના અને ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લી જગ્યામાં ડેરા તંબુ તાણી દિવસે સાવરણી વેચવાનો સાથે ચોરી કરવાને રવાડે ચઢેલ ધૂળિયો ઉર્ફે રાકેશ શંકરભાઈ વાદીએ થોડા સમય અગાઉ માલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરીના ગુન્હામાં સંડોવણી હોવાનું બહાર આવતા પોલીસે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. અરવલ્લી પેરોલ ફર્લો ટીમે તેના વતનમાં પહાડી જંગલ વિસ્તારમાં વોચ ગોઠવતા આરોપી અરવલ્લી અને મહીસાગર જીલ્લામાં ડેરા તંબુ તાણી રહેતો હોવાની બાતમી મળતા આખરે મેઘરજના બેલ્યો ગામે ખેતર નજીક ખુલ્લી જગ્યામાં તંબુ તાણી રહેતો હોવાની જાણ ૫ કિમિ ચોર પાછળ દોટ લગાવી દબોચી લીધો હતો.

અરવલ્લી પેરોલ ફર્લો ટીમના પીએસઆઈ કે.એસ. સીસોદીયા અને તેમની ટીમે માલપુર પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુન્હાના આરોપી બેલ્યો ગામે ડેરા તંબુ તાણી રહેતા હોવાની બાતમી મળતા રેડ કરતા ધૂળીયો ઉર્ફે રાકેશ વાદીએ પોલીસ પકડથી બચવા ખેતરો અને ઝાડી ઝાંખરા અને તળાવ સહીત જંગલમાં દોટ લગાવતા પોલીસે તેનો પીછો કરતા પોલીસ અને ચોર વચ્ચે ચોર પોલીસ જેવી રમત રમાઈ રહી હોય તેવો ઘાટ સર્જાયો હતો. પોલીસને દોડતી જોઈ લોકોમાં અચરજ ફેલાયું હતું આખરે ૫ કિલોમીટર સુધી દોડી ધૂળિયાને ડચકા ગામની સીમમાંથી રોડ પરથી દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. પીએસઆઈ કે.એસ. સીસોદીયાના જણાવ્યા અનુસાર ચોરીના ગુન્હામાં સંડોવાયેલ ધૂળિયા વાદી પાસે મોબાઈલ ન હોવાથી અને ગ્રામ્ય વિસ્તારોમાં ડેરા તંબુ તાણી રહેતો હોવાથી ભારે મહેનત પછી તેનું ઠેકાણું હાથ લાગ્યું હતું.

